# સોનુ નિગમના અવાજમાં અનુભૂતિ ગાંધીનગરે કરી

ગાંધીનગર, તા. ૯
હિન્દી ફિલ્મોના જાણીતા પાર્શ્વગાયક સોનુ નિગમે ખૂબ જ



લોકપ્રિય ગીતો રજૂ કરીને ગાંધીનગરને ઘેલું લગાડયું હતું. 'ગ્રીષ્મોત્સવ'ના છેલ્લા દિવસે સોનુ નિગમ લાઈવ કોન્સર્ટ યોજાઈ હતી. ગાંધીનગરના સાત હજારથી વધુ લોકોએ સોનુ નિગમના એક-એકથી ચઢિયાતા ગીતો ઉલ્લાસ-ઉમંગપૂર્વક માણ્યા હતા.

''અભી મુજ મેં કહીં...બાકી થોડી સી હૈ જિંદગી..., શુકરાન અલ્લાહ..., મૈં હું ના..., સુરજ હુવા મધ્યમ..., અબ મુજે રાત દિન તુમ્હારા હી ખયાલ હૈ..., પંછી- નદીયાં- પવન કે જોંકે..., સંદેશે આતે હૈ..., અચ્છા સિલા દિયા તુને મેરે પ્યાર કા..., હર ઘડી બદલ રહી હૈ રૂપ જિંદગી, છાંવ હૈ કભી, કભી હૈ ધૂપ જિંદગી, હર પલ યહાં જી ભર જીઓ, ફિર યે સમા કલ હો ના હો...''

૨૬ વર્ષની કારકિર્દીમાં અનેક હૃદયસ્પર્શી ગીતો આપનાર સોનુ નિગમ ભાવવાહી અવાજ માટે જાણીતા છે. સોનુ નિગમના અવાજમાં એક અલગ જ પ્રકારની કસક અનુભવાય છે. એવી કસકની અનુભુતિ આજે ગાંધીનગરે કરી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવનું સમાપન ભારતના સુપ્રસિદ્ધ ગાયક સોનુ નિગમની લાઈવ કોન્સર્ટથી થયું હતું. સોનુ નિગમે સતત સવા બે કલાક સુધી નોન સ્ટોપ પાવર પેક્ડ પર્ફોર્મન્સ આપીને ગાંધીનગરના સાત હજારથી વધુ પ્રેક્ષકોને- શ્રોતાઓને જલસો-જલસો કરાવી દીધો હતો.

**સોનુ નિગમના લોકપ્રિય ગીતો સાથે કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ સંપન્ન**



સોનુ નિગમ ચાર વર્ષના હતા ત્યારે વતન ફરીદાબાદ (હરિયાણા) ના સ્ટેજ પર પિતાજી અગમકુમાર નિગમ સાથે બાળ કલાકાર તરીકે ફિલ્મ 'હમ કિસીસે કમ નહીં' નું ગીત; ' ક્યા હુવા તેરા વાદા..'ગાયું હતું. ૧૮ વર્ષની વયે મુંબઈ આવીને ઉસ્તાદ ગુલામ મુસ્તુફા ખાન પાસે સંગીતની વિધિવત તાલીમ લીધી હતી, અને એક તરીકે ગાયક તરીકે કારકિર્દી શરૂ કરી હતી. શરૂઆતમાં 'વોઈસ ઓફ મોહમ્મદ રફી' તરીકે ઓળખ મેળવી પણ પછી પોતાની અલગ જ ઓળખ કેળવી.

૧૯૯૩માં 'આજા મેરી જાન' ફિલ્મમાં સૌ પ્રથમવાર પ્લેબેક સિંગર તરીકે કામ મળ્યું અને પછી તો પાછું વાળીને ક્યારેય ન જોયું..

શ્રેષ્ઠ પ્લેબેક સિંગર તરીકે એક રાષ્ટ્રીય પુરસ્કાર (હર ઘડી બદલ રહી હૈ રૂપ જિંદગી - કલ હો ન હો) અને કુલ ૪ ફિલ્મફેર એવોર્ડ મેળવનાર સોનુ નિગમે ઘણા એવોર્ડ મેળવ્યા છે.

યુવા દિલોની ધડકન સોનુ નિગમે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવને વધુ




ઉષ્માસભર બનાવી દીધું હતું. 'કલ હો ન હો'નું શીર્ષક ગીત ગાતાં પહેલા સોનુ નિગમે કયું કે, ''હું જ્યારે આ દુનિયામાં નહીં હોઉં ત્યારે ચોમેર આ ગીત વાગતું હશે..'' સોનુ નિગમના આવા ઉદગારો વખતે આખું ગાંધીનગર એક ઊર ધબકાર ચૂકી ગયું હતું. ચાહકોએ સોનુ નિગમને કિકિયારીઓ કરીને વધાવી લીધા હતા.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ જ્યારે કલ્ચરલ યુનિવર્સિટીના આયોજનની વાત કરી ત્યારે સોનુ નિગમે તે માટે પુનઃ ગાંધીનગર આવવાની ખાતરી આપી હતી.

ગાંધીનગરે સોનુ નિગમને હર્ષભેર આવકાર્યા હતા. તો સામે સોનુ નિગમે પણ ગાંધીનગરના શ્રોતાઓના વખાણ કરીને બધાને વધાવ્યા હતા.

ગાંધીનગર કલ્ચરલ ફોરમનો પાંચ દિવસનો ગ્રીષ્મોત્સવ ચિરસ્મરણીય-યાદગાર બની રહેશે.

## દારૂબંધીના નામે ''તોડબાજી''ની શંકાએ પોલીસ અધિકારી સામે તપાસ !

### અધિકારીને સાઈડ લાઈન કરાયા બાદ આંતરીક તપાસ શરુ કરાઈ હોવાની વાત

ગાંધીનગર, તા.૯

લોકસભા ચુંટણીની આચારસંહિતા જાહેર થતા જ પોલીસને દારુબંધી અને જુગારના અડ્ડા નેસ્તનાબુદ કરવા માટે પોલીસ તંત્રના અધિકારીઓને સુચના અપાઈ હતી.રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડાએ દારુ અને જુગારની બદીને ડામી દેવા માટે આદેશ આપ્યા હતા. જેને પગલે કેટલાકે દુરૂપયોગ કરીને કેટલાક કર્મચારીઓએ ભ્રષ્ટ્રાચાર કર્યો હોય તેમ લાગી રહ્યું છે. આ અંગેના બનાવની ફરીયાદ વધી જતા જિલ્લા પોલીસ વડા અને રેન્જ આઈજી દ્વારા શંકાસ્પદ કર્મચારી-અધિકારીઓ પર વોચ રાખવામાં આવી હતી. જેને પગલે એક પોલીસ અધિકારી સામે ખાતાકીય તપાસના આદેશ અપાતા હાહાકાર મચી જવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર પોલીસની કડક કામગીરીને પગલે કેટલાક અસામાજીક તત્વો પોતાના ગોરખધંધા બંધ કરીને છાનાછુપાતા ફરતા હતા. પોલીસની કડક છાપ ઉભી થવાને પગલે કેટલાક અધિકારી-કર્મચારીઓએ પ્રોહિબિશન ડ્રાઈવને પગલે તોડબાજીનું માધ્યમ બનાવી હતી.કેટલાક પોલીસ કર્મચારીઓની શંકાસ્પદ હીલચાલ અંગે જિલ્લા પોલીસ વડાને જાણ થતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. અને આક્ષેપોની તપાસ અંગે ખાનગી રાહે તપાસ કરી હતી. જેમાં અધિકારીની શંકાસ્પદ ભુમિકા જણાતા તેમને સાઈડ લાઈન કરી દેવામાં આવ્યા છે અને તેમની સામે ખાતાકીય તપાસ ચાલતી હોવાનું અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## સે-૧૨ ખાતે ઘર આગળ પાર્ક કરેલા પલ્સર બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ માં ઘર આગળ પાર્ક કરેલું બાઈક રાત્રીના સમયે કોઈ ચોર ઈસમ ઉઠાંતરી કરી ગયો છે. ગત તા. ૨ ના રોજ રાત્રે પાર્ક કરેલું બાઈક સવારે ગાયબ હતું. સેકટર અને આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. બે-ત્રણ દિવસ રાહ જોયા બાદ અને શોધખોળ કરી હોવા છતા બાઈક ન મળતા સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે બાઈક ચોરને પકડી પાડવા માટે તપાસ તેજ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૨ પ્લોટ નં ૪૧૮-૧ ખાતે રહેતા રાહુલભાઈ હીરાલાલ ડાભી ઉં.વ.-૪૪ શેર બજારમાં બ્રોકર તરીકે કામ કરે છે. ગત તા. ૨ મે ના રોજ તેઓએ ઘર પાસે પોતાનું બાઈક નં. જી.જે.૧૮.એ.જે.-૨૬૨૨ પલ્સર પાર્ક કર્યું હતું. જયારે તા.૩ મે ના રોજ સવારે ૭ વાગે બાઈક ગુમ થઈ ગયુ હતું. જેથી સેકટરમાં આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી પરંતુ બાઈકનો અત્તો પત્તો લાગ્યો ન હતો. બે-ત્રણ દિવસ રાહ જોયા બાદ આખરે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૨૫ હજારની કિંમતના બાઈકની ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શેરીસા ગામેથી પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના શેરીસા ગામે જૈન દેરાસર સામે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ શકુનીઓને ગાંધીનગર એલસીબી



ટીમે ઝડપી પાડ્યા છે. જયારે જુગાર રમાડતો શખ્સ પોલીસને થાપ આપી ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસે જુગારીઓ પાસેથી અંગ ઝડતી અને દાવ પરથી મળી આવેલ રોકડ રૂ. ૧.૦૫ લાખ, મોબાઈલ નંગ-૫ કિ.રૂ.૧૬,૫૦૦ જુગાર રમવાના સાહિત્ય સાથે મળીને કુલ રૂ. ૧,૨૧,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા પાંચ અને જુગાર ધામ ચલાવતા બે શખ્સો મળી કુલ-૭ સામે સાંતેજ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પોલીસ ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ટીમના સભ્યને બાતમી મળી હતી કે શેરીસા ગામે જૈન દેરાસર સામે નાના પાયે કાયમી જુગારધામ ચાલી રહ્યું છે. બાતમીને પગલે એલસીબી પોલીસે રેઈડ કરતા હારજીતની બાજી માંડીને બેઠેલા બાબુ લીલાજી ઠાકોર, વચલોવાસ, વણસાજડા કલોલ, સતીશ બોગીલાલ માંડલીયા , વિભુસા સોસાયટી બોપલ, રોહિતજી હિરાજી ઠાકોર રતનપુર ખોડીયાર નગર ગાંધીનગર, બાબુ જગમાલભાઈ રાજપૂત સુદર્શન હોમ્સ સોલા, અને માધવસિંહ બબસિંહ પરમાર ડભોડાને પકડી પાડ્યા હતા.જયારે એક ઈસમ ભાગી છુટવામા સફળ રહ્યો હતો. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ. ૧.૦૫,૧૦૦ રોકડા, મોબાઈલ મળી કુલ રૂ. ૧,૨૧,૬૦૦ કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ભાગી ગયેલા શખ્સ અંગે પુછપરછ કરતા તે ટીનાજી જીવણજી ઠાકોર રહે.ટીંટોડા, હોવાનું સામે આવ્યું હતું. જયારે રમણ શકરાજી ઠાકોરરહે. વાંસજડા સાથે મળી અહી બહારથી જુગારીઓ બોલાવીને જુગાર રમાડતા હતા. એલસીબીએ ઝડપાયેલા શખ્સો અને જુગારધામનું સંચાલન કરતા બે મળી કુલ-૭ સામે સાંતેજ પોલીસ મથકે ફરીયાદ કરતા પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**સે. ૪-બીમાં જોખમી ગટર**

ગાંધીનગરના સેક્ટર-૪-બીમાં ગટર રોડના સમાંતર ના હોવાથી વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે તેમજ અકસ્માતનો ભય રહેલો છે. ઉનાળાની સીઝન બાદ વરસાદની મૌસમ શરૂ થાય તે પહેલા આ ભયજનક ગટરના ઢાંકણને રોડની સમાંતર કરી દેવાય તેવી આ વિસ્તારના નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

## આજથી સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે બે દિવસીય સાહિત્યિક સેમિનાર

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૨૯ ખાતેની ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિદ્યાલયમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૧૫૦મા જન્મજયંતિ વર્ષના અવસરે તા. ૧૦ અને તા. ૧૧ મે દરમ્યાન બે દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારનો વિષય ''ગાંધી અને ૧૯૮૦ પછીનું હિંદી-ગુજરાતી સાહિત્ય'' રાખવામાં આવ્યો છે જેમાં સુપ્રસિદ્ધ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર રઘુવીર ચૌધરી તથા સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ચંદ્રશેખર કંબાર ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત સેમિનારમાં સાહિત્ય અકાદમીના સચિવ કે. શ્રીનિવાસરાવ, હિન્દી પરામર્શ મંડળના સંયોજક ચિત્તરંજન મિશ્ર, પ્રખ્યાત હિન્દી કવિ વિશ્વનાથ તિવારી, પંકજ ચતુર્વેદી, મણીલાલ હ. પટેલ, રેવતી રમણ, વિનોદ તિવારી, હસિત મહેતા, કે. વનજા, કાંતી માલસતર, સંજીવકુમાર દૂબે, શરીફા વિજળીવાળા, મોહન પરમાર, મનોજ કુમારસિંહ, સતીશ વ્યાસ, આભા ગુપ્તા ઠાકુર, માધવ કૌશિક, અતનુ ભટાચાર્ય, કમલકિશોર ગોયેન્કા સહિત સાહિત્યકારો તથા વિવેચકો ઉપસ્થિત રહેશે.



**પૂર્વજની પુણ્યતિથિએ વૃદ્ધાશ્રમના વડીલોને ભોજન કરાવ્યું**

હિન્દુ સંસ્કૃતિમાં ધર્મનું ખુબ જ મહત્વ રહેલુ છે. જેમાં ધર્મ અનુસાર દાન-પુણ્ય થકી શ્રેષ્ઠ કર્મોના અધિકારી બની મોક્ષની ભાવના રખાય છે. આવુ જ શ્રેષ્ઠ કર્મ ગાંધીનગર સમાચારના ચિલોડાના પ્રતિનિધિ નટુભાઈ પટેલે પોતાના પિતાજીની ૧૧મી પુણ્યતિથિએ કર્યુ છે. નિર્મળ સેવા ટ્રસ્ટ સંચાલિત મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમમાં નટુભાઈ પટેલે તેમના પિતાજી સ્વ. શિવાભાઈ આર. પટેલની પુણ્યતિથિએ અનાથ અને અશક્ત વડીલોને ભોજન કરાવી તૃપ્ત કર્યા હતા. પુર્વજોના આશીર્વાદ સાથે પુણ્યનું ભાથુ બાંધી પરિવારજનોએ અન્નદાન કરવાની આ પરિવારની આ પ્રવૃત્તિને સંસ્થાના સંચાલક નિર્મળાબેન અને યશવંતસિંહ ઝાલાએ બિરદાવી હતી અને જેમાં આ વૃદ્ધાશ્રમને મહત્વ આપતા તે માટે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## આજથી ૧૦૮ કુંડી શતચંડી મહાયજ્ઞ મહોત્સવ યોજાશે

મહાકાળીધામ પેથાપુર (સીમ) દ્વારા ૧૦૮ કુંડી શતયજ્ઞ મહાયજ્ઞ મહોત્સવ તા. ૧૦ મે થી ૧૨ મે સુધી પેથાપુર (સીમ) સ્થિત મહાકાળી માતાજીના મંદિર ખાતે યોજાશે.

૧૦૮ કુંડી શતચંડી મહાયજ્ઞ અંતર્ગત પ્રથમ દિવસ તા. ૧૦ મે ના રોજ સવારે ૯.૧૫ એ યજ્ઞ પ્રારંભ થશે અને સાંજે ૫.૩૦ વાગ્યે સાયં પૂજા થશે. દ્વિતિય દિવસે પુનઃ પૂજન સવારે ૯.૧૫ કલાકે દુર્ગા સપ્તમી પારાયણ સવારે ૧૧ વાગે તથા માતાજીની પાગાસાદન તથા રાજોપચાર મહાપૂજા બપોરે ૩ વાગે તથા ૫.૩૦ વાગે સાંયઆરતી યોજાશે. તૃતિય દિવસે પ્રાતઃ પૂજન સવારે ૮.૧૫ વાગે તથા પ્રધાન દેવતા હોમ ૧૧ વાગે અને પૂર્ણાહૂતિ સાંજે ૪.૩૦ વાગે યોજાશે. સાથેસાથે મહાઆરતીનો પ્રારંભ સાંજે ૫ કલાકે થશે. યજ્ઞના આચાર્ય તરીકે શાસ્ત્રી મનનકુમાર નવિનચંદ્ર વ્યાસ ઉપસ્થિત રહેશે. સંસ્થા દ્વારા સભ્યોને યજ્ઞ દર્શનાર્થે પધારવા જણાવાયું છે.

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31st MARCH 2019

(Rs. in Lacs)

| Sr. No. | Particulars | Standalone Results | | | | Consolidated Results | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | Year ended | | Year ended | |
| | | 31.03.2019 (Audited) | 31.03.2018 (Audited) | 31.03.2019 (Audited) | 31.03.2018 (Audited) | 31.03.2019 (Audited) | 31.03.2018 (Audited) |
| 1 | Total Income from Operations (net) | 44,180.26 | 36,751.41 | 1,93,661.82 | 1,40,521.39 | 9,69,138.15 | 7,52,249.38 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 23,917.48 | 25,197.22 | 1,20,278.39 | 1,01,081.20 | 1,78,344.72 | 1,45,186.80 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 23,917.48 | 25,197.22 | 1,20,278.39 | 1,01,081.20 | 1,76,557.72 | 1,45,186.80 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 15,332.27 | 15,739.29 | 79,467.26 | 66,842.89 | 1,19,039.50 | 95,840.86 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 15,083.25 | 15,807.21 | 79,069.44 | 66,901.51 | 1,18,428.28 | 91,892.69 |
| 6 | Equity Share Capital (Face value of Rs. 10/- each) | 56,397.14 | 56,383.36 | 56,397.14 | 56,383.36 | 56,397.14 | 56,383.36 |
| 7 | Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year | - | - | 5,18,003.94 | 4,50,120.66 | 2,73,126.15 | 1,86,459.02 |
| 8(I) | Earnings Per Share (EPS) Before Extraordinary Items | | | | | | |
| | (a) Basic EPS (Rs.) | 2.72 | 2.79 | 14.09 | 11.86 | 17.71 | 13.15 |
| | (b) Diluted EPS (Rs.) | 2.72 | 2.79 | 14.09 | 11.85 | 17.70 | 13.14 |
| | (Face Value of Rs. 10/- each) | | | | | | |
| 8(ii) | Earnings Per Share (EPS) After Extraordinary Items | | | | | | |
| | (a) Basic EPS (Rs.) | 2.72 | 2.79 | 14.09 | 11.86 | 17.71 | 13.15 |
| | (b) Diluted EPS (Rs.) | 2.72 | 2.79 | 14.09 | 11.85 | 17.70 | 13.14 |
| | (Face Value of Rs. 10/- each) | | | | | | |

Notes:
(1) The above is an extract of the detailed format of Quarterly & Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly & Annual Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)
(2) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 9th May, 2019.
(3) The Board of Directors of the Company have recommended dividend of Rs.2.00 (@ 20 %) per share of Rs. 10/- each on equity shares of the Company for the financial year 2018-19, subject to the approval of shareholders in ensuing Annual General Meeting.
(4) The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS,
Managing Director

Place: Gandhinagar
Date: 9th May, 2019

KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED
Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : mktg@kalpatarupower.com

Extract of Audited Financial Results for the Quarter and Year ended 31st March, 2019

(₹ in Lakhs)

| | Particulars | Standalone | | | | Consolidated | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | Year Ended | | Year Ended | |
| | | March 31, 2019 | March 31, 2018 | March 31, 2019 | March 31, 2018 | March 31, 2019 | March 31, 2018 |
| 1 | Total Income from Operations | 2,49,143 | 1,93,144 | 7,11,512 | 5,77,850 | 10,84,048 | 8,74,172 |
| 2 | Net Profit for the period (before tax and exceptional and / or extraordinary items) | 21,847 | 16,990 | 62,439 | 49,934 | 76,125 | 46,093 |
| 3 | Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items). | 21,847 | 16,990 | 62,439 | 49,934 | 76,125 | 46,093 |
| 4 | Net Profit for the period (after exceptional and / or extraordinary items and tax) | 13,688 | 10,483 | 40,130 | 32,200 | 48,709 | 27,827 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 16,094 | 10,902 | 42,084 | 32,758 | 51,294 | 28,638 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 | 3,069 |
| 7 | Other Equity | | | 3,12,147 | 2,73,935 | 3,08,878 | 2,64,272 |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | | |
| | a) Basic | 8.92 | 6.83 | 26.15 | 20.98 | 30.42 | 18.29 |
| | b) Diluted | 8.92 | 6.83 | 26.15 | 20.98 | 30.42 | 18.29 |

Notes:
1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2 The Board of Directors has recommended a dividend of ₹ 3 per equity share of ₹ 2 each of the company for the financial year 2018-19.
3 Revenue for the period upto June 30, 2017 includes excise duty collected from customers. Revenue from July 01, 2017 onwards is exclusive of Goods and Service tax which subsumed excise duty.
4 The Company has adopted Ind AS 115 "Revenue from contract with customer" with effect from April 1, 2018, with a modified retrospective approach. The cumulative effect of initial application of Ind AS 115, has been adjusted in opening retained earnings, which is not material, as permitted by standard. Similar impact on the financial results of the quarter and year ended March 31, 2019 is not material.
5 Our wholly owned subsidiary in Sweden has acquired 85% equity stake in Linjemontage I Grastorp AB, Sweden on April 29, 2019, which is engaged in similar business.
6 In the quarter ended March 31, 2019, the Company initiated identification and evaluation of potential buyer for its wholly owned subsidiaries Kalpataru Satpura Transco Private Limited, Alipurduar Transmission Limited and joint ventures Jhajjar KT Transco Private Limited, Kohima Mariani Transmission Limited (collectively referred to as the "transmission assets") and accordingly, assets and liabilities in respect of the transmission assets have been appropriately reclassified under "held for sale" in the financial statements.
7 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on May 9, 2019. The Statutory Auditors of the Company have conducted audit of these financial in terms of Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

For and on behalf of the Board of Directors

Place : Mumbai
Date : May 9, 2019

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.